ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ – કેન્દ્રીય કપાસ સંશોધન કેન્દ્ર, નાગપુર

ICAR-Central Institute for Cotton Research, Nagpur

An ISO 9001:2015 Certified Organization


## ૩૦ જુન થી ૬ જુલાઈ, ૨૦૨૫ દરમ્યાન કપાસની ખેતી પધ્ધતિ માટે ૫મી અઠવાડિક સલાહ

| ગુજરાત | | છેલ્લા અઠવાડિયામાં પડેલ ખરેખર વરસાદ (મીમી) | | | | | | આગામી અઠવાડિયા માટે સુચિત / પુર્વાનુમાન વરસાદ (મીમી) | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | જુન | | | | | | જુલાઈ | | | | |
| | | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | ૦૨ | ૦૩ | ૦૪ | ૦૫ | ૦૬ |
|  | અમરેલી | | | | | | | ૧.૪ | ૮ | ૨.૧ | ૩ | ૨.૫ |
| | ભાવનગર | | | | | | | ૯.૪ | ૨૨ | ૭.૭ | ૧૮.૮ | ૫.૭ |
| | જામનગર | | | | | | | ૧ | ૧૭ | ૪.૧ | ૧.૯ | ૨.૮ |
| | રાજકોટ | ૦ | ૦ | ૮.૪ | ૦ | ૨ | ૪.૨ | ૧.૩ | ૬.૫ | ૩.૧ | ૧.૫ | ૧.૭ |
| | જુનાગઢ | ૧.૨ | ૦.૫ | ૩૯ | ૧૫.૧ | ૮ | ૩.૮ | ૩ | ૯.૭ | ૯.૧ | ૧૧.૨ | ૮ |
| | સાબરકાંઠા | | | | | | | ૫૭ | ૩૦ | ૬.૭ | ૧૦.૩ | ૬.૬ |
| | સુરેન્દ્રનગર | | | | | | | ૧૧ | ૧૪ | ૧૧ | ૩.૨ | ૨ |
| | અમદાવાદ | | | | | | | ૩૨ | ૨૨ | ૧૩ | ૧૩.૪ | ૭.૫ |
| | વડોદરા | | | | | | | ૩૬ | ૨૩ | ૧૨ | ૩૧.૫ | ૨૪.૩ |
| | પાટણ | | | | | | | ૧૭ | ૧૪ | ૨.૪ | ૧૨.૧ | ૨.૭ |
| | મહેસાણા | | | | | | | ૩૧ | ૨૩ | ૬.૩ | ૧૦.૫ | ૨.૭ |
| કુલ પડેલ વરસાદ અને પ્રમાણિત રંગ | | ૦.૧ થી ૨.૪ મીમી | | ૨.૫ થી ૧૫.૫ મીમી | | ૧૫.૬ થી ૬૪.૪ મીમી | | | ૬૪.૫ થી ૧૧૫.૫ | | ૧૧૫ થી ૨૦૪.૪ મીમી | |
| પડેલ વરસાદનું વર્ગીકરણ | | ખૂબ જ ઓછો વરસાદ | | ઓછો વરસાદ | | મધ્યમ વરસાદ | | | ભારે વરસાદ | | અતિ ભારે વરસાદ | |

**પાક પરિસ્થિતિ :**

સુરત ખાતે, જે વિસ્તારમાં ભારે માત્રામાં વરસાદ પડયો છે ત્યાં ફેર વાવણી અને ખાલા પુરવાની પ્રક્રિયા ચાલુ છે. વાતાવરણ વરસાદવાળું અને વાદળછાયું છે. ખેતરોમાં નિંદામણનો ઉપદ્રવ જોવા મળેલ છે.

જુનાગઢ ખાતે પાક ૧૨ દિવસની ધરૂ અવસ્થાએ છે. ગુજરાતમાં સૌરાષ્ટ્રનાં મોટાભાગનાં વિસ્તારમાં વાવણી લગભગ પુર્ણ થયેલ છે. ખાલા પુરવાની કામગીરી ચાલી રહી છે. ખેતરોમાં નિંદામણનો ઉપદ્રવ જોવા મળેલ છે.

**સલાહ :**

સુરત ખાતે, ખેડુતોને ખેતરો ચોખ્ખા રાખવાની સલાહ આપવામાં આવે છે. ભારે વરસાદ જોવા મળે તો ખેતરમાંથી પાણીનો નિકાલ કરવો. ૧૫ દિવસનાં કપાસનાં પાકમાં વાવણી બાદની નિંદામણનાશક દવા કવીઝાલોફોપ ઈથાઈલ ૫% ઈસી @ ૧૫ મીલી પ્રતિ ૧૦ લી. પાણીમાં ભેળવી છંટકાવ કરવો અને હાથથી નિંદામણ સાફ–સફાઈ કરવાથી સૌથી અસરકારક નિંદામણ વ્યવસ્થાપન થાય છે. કપાસનાં પાકમાં ૨૪૦–૪૦–૦૦ એનપીકે પ્રતિ હેકટર મુજબ ખાતરની જરૂરીયાત રહે છે. નાઈટ્રોજન ખાતર કપાસની વાવણી બાદ ૩૦, ૬૦, ૭૫, ૯૦ અને ૧૦૫ દિવસે સરખા હપ્તામાં આપવો. વાવણી સમયે ફોસ્ફરસ ખાતરનો સંપુર્ણ જથ્થો પાયાનાં હપ્તા તરીકે આપવો. દેશી કપાસનાં ખેતરોમાં ૧ મીટર ત્રિજ્યાનાં તંદુરસ્ત છોડોનાં વિસ્તારમાં ફયુઝારીયમ ફુગથી થતાં સુકારા રોગની ચકાસણી કરવી.

જુનાગઢ ખાતે, કેટલાંક વિસ્તારોમાં ભારે વરસાદ પડેલ છે. ખેડુતોને ખેતરોમાંથી વધારાનું પાણી બહાર કાઢવાની સલાહ આપવામાં આવે છે. છોડની સંખ્યા જાળવી રાખવા માટે ખાલા પુરવા.

કપાસ ઉત્પાદનની તાંત્રિકતા આધારિત વિસ્તૃત માહિતી દા.ત. જમીનની પસંદગી, જાતો/ સંકરો, ખાતર આપવાની પધ્ધતિ, વાવણીની રીત, પિયત પધ્ધતિઓ, નિંદામણ, કિટકો અને રોગોનું વ્યવસ્થાપન વિગેરેની માહિતી એન્ડ્રોઈડ આધારીત CICR Cotton App. કે જે ICAR-CICR, નાગપુર દ્વારા તૈયાર કરેલ છે. આ એપ ગુગલ પ્લે સ્ટોરમાંથી વિના મુલ્યે ડાઉનલોડ કરી શકાય છે. વધુમાં, પાક વૃધ્ધિ અવસ્થા અને હવામાન આધારિત અઠવાડિક સલાહ ICAR-CICR, નાગપુરની વેબસાઈટ ઉપર ગુજરાતી ભાષામાં ઉપલબ્ધ છે જેનો લાભ ખેડુતો લઈ શકે છે.